# શ્રી ભગવાન મહાવીર સ્વામી

## નું શાસન

# મોક્ષમાર્ગમાં ચલાવનાર આત્મજ્ઞાનીના સ્વરૂપનું વર્ણન 'સદ્ગુરૂ'

**સાતમું ગુણસ્થાનક**

૧. મનોનાશ (સદેહે)
૨. ઈચ્છા રહીતની સ્થિતી
૩. વિચાર વગરનું જીવન
૪. સહજ સમાધિ (એકાંતમાં)
૫. એક સાથે પાંચે ઈન્દ્રિયોનું સંકોચપણું (અંતર્મુખીપણું)
૬. પરમાત્માનાં સાતમા ગુણસ્થાનકની સાધના કાળનું સ્મરણ
૭. પરમાત્માના આપેલા તત્વોનું સર્વ સમયે સ્મરણ
૮. સર્વ ક્રિયાઓમાં ઈશ્વરઈચ્છા

## જૈનો જાગો

લેખાંક : ૧૩

**સાતમું ગુણસ્થાનક: ગુણોનું પ્રગટપણું**

૧. અગુરુ – અલઘુ
૨. નિષ્કામ કરૂણા દ્રષ્ટિ
૩. હિંસાત્મક ભાવ ટાળવો
૪. મોહભાવ ટાળવો
૫. લોભત્વ ટળવું
૬. ભવમોક્ષનો અહંકાર ટળવો
૭. પાપ – પુણ્યનો ભાવ ટાળવો
૮. મતિજ્ઞાનનું પૂર્ણ નિર્મળપણું થવું

**લેખાંકો ૧ થી ૫૮, તા. ૫–૧–૨૦૦૦ થી પુનઃ મુદ્રણ**

શ્રી તીર્થંકર પરમાત્મા સાધનાકાળમાં અપ્રમત્ત અવસ્થાએ **સાતમા ગુણસ્થાનકમાં** એક પુદ્ગલ પરમાણુંનું ધ્યાન ધરે અને તે ધ્યાનની પૂર્ણતાએ જગતના સર્વ પુદ્ગલ પરમાણુંનું જ્ઞાન પ્રગટ થાય છે. (જગતના સર્વ પદાર્થોનું જ્ઞાન). એક સમયનું ધ્યાન ધરે અને તે ધ્યાનની પૂર્ણતાએ સર્વ સમયનું જ્ઞાન પ્રગટ થાય છે. (ત્રણ કાળનું જ્ઞાન). એક ક્ષેત્રનું ધ્યાન ધરે અને તે ધ્યાનની પૂર્ણતાએ જગતના સર્વ ક્ષેત્રનું જ્ઞાન પ્રગટ થાય છે. (ચૌદ રાજલોક ક્ષેત્રનું જ્ઞાન). આવી રીતે શ્રી તીર્થંકર પરમાત્મા પુદ્ગલ પરમાણુંનું, સમયનું અને ક્ષેત્રની સાધના પૂર્ણ કરીને એક પર્યાયનું, આત્માના એક પ્રદેશનું ધ્યાન શરૂ કરીને આઠમા ગુણસ્થાનકથી ભાવે ક્ષેપક શ્રેણી શરૂ કરે છે અને કેવળજ્ઞાન પ્રગટાવે છે. (સર્વ જ્ઞાનની પ્રાપ્તિ થાય છે)

શ્રી તીર્થંકર મહાવીર સ્વામી પરમાત્માના નિર્વાણ પછી થોડા વરસોમાં કેવળજ્ઞાનનું પ્રકાશીતપણું બંધ થયેલ હતું. અને પાંચમાં આરાના ૨૧૦૦૦ વર્ષમાં ૨૧૦૦ એક અવતારીઓ સાધુપણામાં અને શ્રાવકપણામાં થશે એવું શ્રી પરમાત્માએ ભાખેલું હતું. છેલ્લા લગભગ ૨૪૫૦ વર્ષમાં જૈન ધર્મમાં સાધુ સંપ્રદાય અને શ્રાવકપણામાં છઠ્ઠા ગુણસ્થાનક અને સાતમા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષો સમયે સમયે થયેલ છે, વર્તમાનમાં થાય છે. અને ભવિષ્યમાં થશે. લગભગ ૧૮૦૦૦ વર્ષ સુધી એક અવતારીઓ થશે અને એક અવતારીઓ સાતમા ગુણસ્થાનકમાં થાય અને સાતમા ગુણસ્થાનકમાં મન:પર્યવજ્ઞાન પ્રગટ થાય તો એક અવતારીઓ સ્વીકારવા અને સાતમું ગુણસ્થાનક અને મન:પર્યવજ્ઞાન ન સ્વીકારવું તે કેવા પ્રકારની સમજણ ગણવી (શ્રી મહાવીર સ્વામી ભગવાનની અપૂર્વ વાણીની આરાધના કે વિરાધના?) તેનો જીવોએ વિચાર કરવો. આટલો વિરોધાભાસ શા માટે ? (સત્યની ઝુરણાનો અભાવ)

જીવ બે પ્રકારે ગુણસ્થાનકમાં આગળ વધે છે. **એક** સમજણના આધારે અને આશ્રિતપણે તેને ઉપશમ શ્રેણી કહે છે. અને જીવ જો આશ્રયમાંથી નીકળી જાય તો લગભગ પડે છે (૧૧મે થી). અને **બીજો** અનુભવના આધારે જીવ ગુણસ્થાનકમાં આગળ વધે છે. તેને સમકિત (વધીને પંદર ભવની મર્યાદાવાળું) પછી આધારની જરૂર નથી, તે અટકે ખરો પણ પડે નહી. એટલા માટે દરેક શ્રી તીર્થંકર પરમાત્માએ વ્યવહારથી ક્ષેપક શ્રેણીનું માહાત્મ્ય બતાવ્યું છે અને દરેક શ્રી તીર્થંકર પરમાત્મા ક્ષેપક શ્રેણીથી જ આગળ વધેલા છે.

જીવ સાતમા ગુણસ્થાનકે જાય અને ગુણ પ્રગટ કરે તેના મુખ્ય લક્ષણો છઠ્ઠા ગુણસ્થાનક જેવા હોય છે અને તેનાથી વધારે વિશેષ મુખ્ય મુખ્ય ગુણો અને વિશેષ પ્રગટ લક્ષણોની વિચારણા કરીએ.

*** સત્સંગ ***
**જ્ઞાની પુરુષોએ પદાર્થના ત્યાગને, ત્યાગ નહીં પણ પદાર્થમાંથી આસક્તિભાવ ત્યાગવો તેને ત્યાગ કહેલ છે.**

**મોક્ષમાર્ગથી જીવને દૂર રહેવાના મુખ્ય અને પ્રગટ લક્ષણો (મિથ્યાત્વના મુખ્ય લક્ષણો)**

૧. કોઈપણ પ્રકારના કાર્યમાં (સંસારી અથવા ધર્મના) સુખબધ્ધિનું, સ્વાર્થબુધ્ધિનું, માનબુધ્ધિનું સ્થાપન
૨. નિમીત્તને દોષ દેવો
૩. આ ભવમાં અથવા આવતા ભવની સુખની પ્રબળ ઈચ્છા
૪. પરમાત્માના તત્વોનું વિસ્મરણ
૫. દ્વેષબુધ્ધિ (ઈર્ષા અને પરનિંદા)
૬. પાંચ વિષયોના વિકારોમાં ઉલ્લાસિતપણું
૭. ચાર કષાયોનું સ્થાપિતપણું (ધર્મમાં અને અધર્મમાં)
૮. દેહનું અથવા નામનું બળવાન મમત્વપણું

**ધર્મ એટલે શું ?**
**અધર્મથી દૂર રહેવું, વિચારમાંથી અધર્મ કાઢવો, દ્રષ્ટિમાંથી અધર્મ કાઢવો અને વાણીમાંથી અધર્મ કાઢવો એનું નામ ધર્મ**

૧) અશુભનો આરંભ અને પરિગ્રહ ટળી ગયો હોય અને સાથે શુભનો પણ આરંભ અને પરિગ્રહ ટળી જાય છે. (સંપ્રદાયનું સ્થાપન કરતા નથી) અગુરુ-અલઘુનો ગુણ પ્રગટ થાય છે.
૨) સર્વ ઈચ્છાથી રહિત હોય છે. (સંકલ્પ, વિકલ્પ અને વિચારરહિત હોય છે)
૩) કાળ અને ક્ષેત્રથી કર્મ ઉદયમાં આવે છે તે કર્મને સુખ સ્વરૂપ સમજીને આનંદથી વેદે છે.
૪) તે જીવ ઉપર કોઈપણ પ્રકારના ગ્રહોની અસર હોતી નથી (ગ્રહોની અસરથી પર હોય છે.)
૫) સર્વ દુ:ખોનું મૂળ ઈચ્છા. તે ઈચ્છારહિત હોવાથી સહજ સ્વભાવે સર્વ સમય માટે આનંદ સ્વરૂપની પ્રાપ્તિ કરે છે.
૬) આવતા ભવનું આયુષ્ય, નામ, કર્મ, ગોત્ર બાંધીને આયુષ્યની ગોત્રની, નામકર્મની વિગેરે પ્રકૃતિનો ક્ષય કરે છે એટલે એક અવતારી બને છે. એટલે આવતા ભવે મોક્ષગામી બને છે.
૭) અજ્ઞાને પણ બીજા જીવો અનંત કર્મ ન બાંધે તેવો સહજ ઉપયોગ. નિષ્કામ કરૂણા દષ્ટિનો ગુણ પ્રગટ થાય છે. (સકામ કરૂણા દષ્ટિ લોપાય છે.)
૮) અપ્રમત્ત અવસ્થા, અલ્પ આહાર, અલ્પ નિંદ્રા ને કર્મને આધીન સહજ જીવન.
૯) મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મન:પર્યવ જ્ઞાન હોય. (સામેવાળાના ભાવ અને વિચાર જાણવાની લબ્ધિ)
૧૦) યોગીક શરીરના કારણે દ્રવ્યથી આઠમા ગુણસ્થાનકના પુરૂષાર્થના કારણે વિતરાગ મુદ્રા સહજ ધારણ કરે છે.
૧૧) સત્સંગમાં (ધર્મચર્ચામાં) એકના સવાલના જવાબમાં અનેકના સવાલના જવાબ મળી જાય છે. (મન:પર્યવજ્ઞાનના કારણે)
૧૨) દૂરનું જોઈ શકવાની લબ્ધિને કારણે આગળનું વિશેષ જોઈ શકે છે. (આવતા ભવનું જ્ઞાન)
૧૩) પોતે જીવન જીવતા નથી, કર્મને આધીન જીવન વ્યતીત કરે છે. (પૂર્વના કર્મઉદય પ્રમાણે)
૧૪) હિંસાત્મક પ્રકૃતિનો ક્ષય થવાથી કોઈપણ પ્રકારની હિંસા થતી નથી. (અહિંસાત્મક ભાવ)
૧૫) સામેથી પરિણામ લેવા આવે તેને ટાળતા નથી અને ન આવે તેને બોલાવતા નથી. (લોભ અને માન પ્રકૃતિનો ક્ષય)

*** સત્સંગનું ફળ ***
**સદ્ગુરૂને ઓળખવાનું પ્રમુખ અને પ્રગટ લક્ષણ : સત્સંગમાં આત્મામાંથી વાણી નીકળવી, વાણીનો વિરોધાભાસ ટળવો અને બાર દોષોનું મંદપણું સહજ સ્વરૂપે કરાવવું.**

૧૬) સ્વધર્મમાં ઈષ્ટદેવના આપેલા તત્વનું સ્થાપન કરાવે છે.

આવા અનેક પ્રકારના ગુણો અને લક્ષણો ભાવે કરીને સાતમા ગુણસ્થાનકમાં હોય છે. તેને એક અવતારી કહે છે. અને આવા ગુણો અને જ્ઞાનવાળા એકાવતારી જીવો પાંચમાં આરાના અંત સુધી થશે. છઠ્ઠા આરામાં શ્રી ભગવાન મહાવીરનું શાસન ન હોવાથી મોક્ષમાર્ગ બંધ થઈ જશે. (એકાવતારીઓ જન્મશે નહીં)

આવા પ્રકારના ગુણો અને લક્ષણોવાળા મન:પર્યવજ્ઞાન સહીતના આવતા ભવે મોક્ષે જવાવાળા એકાવતારી મહાપુરુષોની સમજણ મેળવી. અને આવા મહાપુરુષો સાતમા ગુણસ્થાનકમાં જે સ્થિતી હોય તે સ્થિતીમાં શ્રી પરમાત્માના આપેલા તત્વોનું બીજા જીવોમાં બળવાનપણે સ્થાપન કરાવે છે. આમાં ત્યાગ કે વેશનો કોઈ આગ્રહ હોતો નથી, છતાં વૈરાગ્યના બળે બોધ પમાડે છે. આવા પ્રકારે વૈરાગ્યના બળે બોધ પમાડનાર ૧૯મી સદીના અંત ભાગમાં **શ્રીમદ્ રાજચંદ્ર ભગવંતદેવ** એક અવતારી મહાપુરુષ જૈન ધર્મમાં નજીકના કાળમાં થયેલા છે અને તેનું લખાણ (આપેલો ધર્મ) લોકભાષામાં સમજી શકાય એવું ગુજરાતીમાં ઉપલબ્ધ છે. તેમણે આપેલા બોધનું વાંચન કરીને જીવ પોતાના સંપ્રદાયના વ્રત, તપ, જપમાં આત્મલક્ષીપણું સ્થાપીને પોતાના આત્માનું કલ્યાણ કરી શકે છે. **(જ્ઞાની પુરુષો કોઈપણ સંપ્રદાયનો નિષેધ કરતા નથી અને તેની ક્રિયાઓનો પણ નિષેધ કરતા નથી).** જીવ શ્રીમદ્ રાજચંદ્ર ભગવંતના રચેલા ભક્તિગીતો સાંભળીને પણ સહજ વૈરાગ્ય પામે એવું અદ્ભૂત જ્ઞાન મહાપુરુષ આપણને આપી ગયેલ છે.

યોગે કરીને ભાવિ લેખાંકમાં તેમણે રચેલું **આત્મસિધ્ધી શાસ્ત્ર** પર વિચારણા કરીશું.

**"આત્માને સિધ્ધપદ અપાવે તેનું નામ આત્મસિધ્ધીનું શાસ્ત્ર"**

હવે પછી આગળના લેખાંકમાં છઠ્ઠા અને સાતમા ગુણસ્થાનકવાળા જ્ઞાની પુરુષો કેવી રીતે સમકિતની પ્રાપ્તિ કરાવે છે અને કેવા પ્રકારના બાળજીવોને શુભ ફળ આપે છે તેની વિચારણા કરશું.

**આનંદ આનંદ આનંદ**

**જગતમાં મોટામાં મોટું પાપ મિથ્યા ધર્મ આપવો અને મિથ્યા ધર્મ બતાવવો (સાતમી નરક કરતા પણ મોટું પાપ), ચાર ગતિનું ભવભ્રમણ કરાવે એનું નામ મિથ્યા ધર્મ (અધર્મ), પાંચમી એવી મોક્ષગતિમાં લઈ જાય એનું નામ આત્મ ધર્મ (ધર્મ).**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.